**વડોદરા મહાનગરપાલિકામાં માન્યતા પ્રાપ્ત ઈજારદાર તરીકે કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન તથા વેન્ડર રજીસ્ટ્રેશન અર્થે રજુ કરવામાં આવતા સોગંધનામાના સ્ટેમ્પ પેપરમાં ફેરફાર કરવા બાબત.**

**સીટી એન્જીનિયરશ્રીની કચેરી**
**મહાનગરપાલિકા, વડોદરા.**
**પરિપત્ર અંક:૨૩/૨૦૧૯-૨૦**
**તા.૨૧-૧૦-૨૦૧૯.**

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ઈજારદારોનું રજીસ્ટ્રેશનનું ધારાધોરણ ગુજરાત સરકારશ્રીના R & B તથા GWSSB વિભાગના ધારાધોરણ મુજબ સામાન્ય સભા ઠરાવ અંક:૧૫૫/તા.૨૧-૦૧-૨૦૧૪ થી મળેલ મંજુરી મુજબ કરવામાં આવે છે. સદર ઈજારદારના રજીસ્ટ્રેશન સંદર્ભે હાલમાં અરજી સાથે રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નીચે મુજબના એફીડેવિટ (સોગંધનામા) લેવામાં આવે છે.

૧. માલીકીનું (પ્રોપરાઈટરશીપ) અંગેનું એફીડેવીટ.
૨. ઈજનેરોના નોકરી કરી રહેલ હોવા અંગેના સોગંધનામા.
૩. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કે અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત કે અન્ય રાજ્યો, કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ, લશ્કરી ઈજનેર સેવા (એમઈએસ) કે રેલ્વેમાં કોઈ **કાળી યાદીમાં મુકાયેલ પેઢી/પેઢીઓ ના ભાગીદારો નથી કે કાળી યાદીમાં મુકેલ પેઢીઓ સાથે સંકળાયેલ નથી.**

   વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત રાજ્ય, મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ, લશ્કરી ઈજનેર સેવા (એમઈએસ) કે રેલ્વેના માન્ય કોન્ટ્રાક્ટર/કોન્ટ્રાક્ટરોની પેઢીઓ તરીકે **નોંધણી કરાયેલ નીચેની પેઢીઓમાં ભાગીદારો છીએ/નથી.**

   પેઢીના ભાગીદાર/માલીક આથી બાંહેધરી આપીએ છીએ કે પેઢીનાં કામકાજ ઉપરાંતની બધીજ જવાબદારીઓને પહોંચી વળવાની અને અમને એટલે કે આ પેઢીને સોંપાયેલ સરકારી બાંધકામ અધુરું છોડી દેવાને લીધે **વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને કોઈ નાણાકીય નુકસાન થાય તો તે ભરપાઈ કરી આપવા માટે અમે સંયુક્ત રીતે અને વ્યકિતગત રીતે જવાબદાર છીએ.**

   અરજી ફોર્મ ભરતાં અગાઉ કોન્ટ્રાક્ટર રજીસ્ટ્રેશન અંગેના **નિયમો અમોએ કાળજીપુર્વક વાંચ્યા છે અને તેનું પાલન કરવા અમો બંધાયેલા છીએ.**

   અમો આથી પ્રમાણિત કરીએ છીએ કે સદરહુ અરજીમાં જણાવેલ તમામ વિગતો સંપુર્ણ અને સાચી છે, **કોઇ પણ હકીકત અધુરી કે છુપાવવામાં આવી નથી, જેની બાહેધરી આપીએ છીએ.**

૪. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોઈપણ કુટુંબી નોકરી કરતા નથી તથા અમે માન્ય થયેલ કોન્ટ્રાકટરો સાથે ભાગીદારીમાં નથી, તેમજ જરુરીયાત અનુસાર લેબર એક્ટ / ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી /વેચાણ વેરા અધિનિયમ /ગુમાસ્તા ધારા / ઇ.પી.એફ. / સર્વિસ ટેક્ષ / ઇલેક્ટ્રીકલ કોન્ટ્રાકટર ઇત્યાદી જરૂરિયાત હેઠળના લાઈસન્સો રજુ અંગેનું સોગંધનામું.
૫. ઈજારદાર દ્વારા રજુ કરવામાં આવતી અન્ય જરૂરી જણાય તે મુજબની બાંહેધરી તેમજ સોગંધનામા.
૬. Declaration that, none of the Partners or Directors is/are either a partner or on Board of an entity, which is in default to State Government /semi Government / or any of its subsidiaries.

ગુજરાત સરકારશ્રીના, મહેસુલ વિભાગના જાહેરનામા નં.જીએચએમ-૨૦૧૯-૬૬-એમ-એસટીપી-૧૨૨૦૧૯-૧૦૩૬-હ.૦૧ તા.૦૩-૦૮-૨૦૧૯ થી સ્ટેમ્પ ડયુટીમાં કરેલા નવા સુધારા અન્વયે અત્રેની હિસાબી શાખા દ્રારા પરિપત્ર અંક:૩૧/૨૦૧૯-૨૦/તા.૨૧-૦૯-૨૦૧૯ન થી સ્ટેમ્પ પેપર પર કરારનામા અને જામીનખત રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર લેવાનું નક્કી કરેલ છે. સદર પરિપત્ર ધ્યાને લઈને અત્રેની કચેરીએથી કરવામાં આવતા કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશન તથા વેન્ડર રજીસ્ટ્રેશનની કાર્યવાહી અર્થે ઉપરોકત અનુક્રમ નં.૧ થી ૬ માં જણાવ્યા મુજબના સોગંધનામા હવે પછી રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપરના બદલે રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર રજુ કરવાના રહેશે.

સદરનો અમલ તાત્કાલિક અસરથી તમામ સબંધકર્તાઓએ બિન-ચુક કરવાનો છે.

મ્યુનિસિપલ કમિશ્નર
મહાનગરપાલિકા, વડોદરા